પત્રિકા ૧૮૪

# ચિરાગે હિદાયત

૯/૧૧/૧૮ ૦૧ ર.અવ્વલ

## આ અઠવાડિયાની મુનાસેબત

૦૧ રબી.અવ્વલ/૧૦ નવેમ્બર : શહાદતે જનાબે મોહસીન(અ.સ.)

૦૫ રબી.અવ્વલ/૧૪ નવેમ્બર : વફાતે જનાબે માસૂમાએકુમ(સ.અ.)

# જનાબે મોહસીન ઈબ્ને અલી(અ.સ.)

જનાબે મોહસીન ઈબ્ને અલી(અ.સ.) હઝરત ઈમામ અલી(અ.સ.) અને જનાબે ફાતેમા(અ.સ.)ના હસનૈન(અ.મુ.સ.) પછી ત્રીજા ફરઝંદ છે. આપ(અ.સ.)ને મુશબ્બર પણ કહેવામાં આવે છે જે નામ હઝરત હારૂન ઈબ્ને ઈમરાન(અ.સ.)ના ત્રીજા ફરઝંદનું હતું. તેઓ પણ છ મહિનાના હમલના હતા જ્યારે હુમલો થયો હતો. (અલ-હિદાયત અલ કુબરા, પે.૪૦૭ / બેહારૂલ અન્વાર-૫૩, પે.૧૯)

## ** જનાબે મોહસીન ઈબ્ને અલી(અ.સ.)ની શહાદત :*

ઘણી બધી રિવાયતોથી સાબિત છે કે જનાબે મોહસીન(અ.સ.)ની શહાદત જનાબે ફાતેમા(સ.અ.)ના ઘર પર મુનાફિકોના ટોળા દ્વારા કરવામાં આવેલા હુમલા સમયે થઈ હતી. આ બાબતની તલાશ કરવામાં દિલચશ્પી રાખનારાઓએ હૈરત અંગેઝ ન થવું જોઈએ કે ઓલમાઓ અને ઈતિહાસકારોએ (શિયા અને સુન્ની બંને)માં જનાબે મોહસીન ઈબ્ને અલી(અ.સ.)ની શહાદતનો ઝિક્ર છે જેથી આ બાબત શકથી દૂર છે.

છતાં પણ અમૂક મુસલમાનો એવા છે જેઓ જનાબે મોહસીન ઈબ્ને અલી(અ.સ.)ની શહાદતનો ઈન્કાર કરે છે. તેઓ એમ કહે છે કે જનાબે ફાતેમા(સ.અ.) અને અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ને આ નામનો કોઈ ફરઝંદ ન હતો. તેઓ ઈતિહાસમાં જનાબે મોહસીન ઈબ્ને અલી(અ.સ.) બાબતે દરેક સંદર્ભોનો બેશરમીથી ઈન્કાર કરે છે ત્યાં સુધી કે તેઓ જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ના ઘર ઉપર થયેલા હુમલાનો પણ ઈન્કાર કરે છે.

એ આશ્ચર્યભર્યું છે કે એક ન્યાયી અને પ્રમાણિક ઈસ્લામીક ઈતિહાસનો વિદ્યાર્થી કેવી રીતે જનાબે ફાતેમા(સ.અ.)ના અને અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ના ત્રીજા ફરઝંદ જનાબે મોહસીન ઈબ્ને અલી(અ.સ.)નો ઈન્કાર કરી શકે. ઈતિહાસ ન ફકત તેમના વુજુદની સ્પષ્ટ ગવાહી આપે છે પરંતુ એ પણ ગવાહી આપે છે કે મુનાફિકો અને હુકૂમતના લાલચીઓએ કેવી ક્રુરતાથી જનાબે મોહસીન(અ.સ.)ને શહીદ કર્યા. હદીસો એટલી વિસ્તૃત છે કે જે બતાવે છે કે કયામતના દિવસે કાતિલોને કેવી રીતે સજા કરવામાં આવશે.

જ્યારે કે ઈતિહાસની કિતાબો જનાબે મોહસીન(અ.સ.)ની શહાદતના સંદર્ભોથી ભરી પડેલી છે પરંતુ અમે નીચે મુજબ એહલે સુન્નતના હવાલાની થોડી હદીસોને રજુ કરીએ છીએઃ

૧) અબુ અબ્દીલ્લાહ શમ્સુદ્દીન અલ ઝહબી મીઝાનુલ અલ એઅતેદાલ, ભાગ-૧, પા. ૧૩૯ માં નકલ કરે છે કે તેમાં કોઈ શક નથી કે એક મુનાફિકે જનાબે ફાતેમા(સ.અ.)ને લાત મારી. એ હદ સુધી કે જનાબે મોહસીન(અ.સ.)નો હમલ સાકીત થઈ ગયો.

૨) મોહમ્મદ અલ શાહરસ્તાની અલ મેલલ વ અલ નેહલ, ભાગ-૧, પા. ૫૭ (બૈરૂત આવૃતિ) માં નકલ કરે છે કે (બયઅતના દિવસે એક મુનાફિકે જનાબે ફાતેમા(સ.અ.)ને પેટ ઉપર એ કુરતાથી વાર કર્યો) કે આપ(સ.અ.) પોતાના હમલ ઉપર પડયા (જેના કારણે હમલમાં આપના ફરઝંદની શહાદત થઈ).

૩) અબ્દુલ કાદીર અલ તમીમી અલ બગદાદીએ પણ તેમની કિતાબ અલ ફર્કબય્નલ ફેરક, પા. ૧૦૭ માં ઉપર મુજબ નકલ કર્યું છે.

૪) અલ્લામા ખલીલ ઈબ્ને અયબક અલ સફદી તેમની કિતાબ અલ વાફી બીલ વફાયાત, ભાગ-૬, પા. ૧૭ ઉપર નકલ કરે છે કે મોઅતઝેલા ફિરકો એવો અકીદો ધરાવે છે કે બયઅતના દિવસે એક મુનાફિકે ચોક્કસપણે જનાબે ફાતેમા(સ.અ.) ઉપર એવો સખત વાર કર્યો કે જનાબે મોહસીન(અ.સ.)ની શહાદત થઈ ગઈ.

૫) સદ્ર અલ દીન ઈબ્રાહીમ ઈબ્ને સાદ અલ દીન મોહમ્મદ અલ હુમુઈ તેમની કિતાબ અલ ફરાએદ અલ સીમતૈન, ભાગ-૨, પા. ૩૫ ઉપર પણ આ રિવાયત નકલ કરે છે.

## * જનાબે મોહસીન(અ.સ.)ના કાતિલો સાથે અલ્લાહ અઝઝ વ જલ્લ કેવો વ્યવહાર કરશે?

એક રસપ્રદ હદીસ છે કે અલ્લાહ તઆલા અમીરૂલ મોઅમેનીન(અ.સ.) અને જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ના ફરઝંદ જનાબે મોહસીન(અ.સ.)ના કાતિલો સાથે કેવી રીતે વર્તશે.

મુફઝઝલ ઈબ્ને ઉમર(ર.અ.) એક લાંબી હદીસમાં ઈમામ જઅફર સાદિક(અ.સ.)થી નકલ કરે છે કે 'કયામતના દિવસે, ખદીજા બીન્તે ખુવૈલીદ અને અમીરૂલ મોઅમેનીન(અ.સ.)ના માતા ફાતેમા બીન્તે અસદ(સ.અ.), જનાબે મોહસીન(અ.સ.)ને લઈને આવશે. તેઓ મોટા અવાજે રૂદન કરતા હશે જ્યારે જનાબે મોહસીન(અ.સ.)ના માતા જનાબે ફાતેમા(સ.અ.) આ આયતોની તિલાવત કરી રહ્યા હશે.

"આ તમારો દિવસ છે જેનો તમને વાયદો કરવામાં આવ્યો હતો." *(સૂરએ અંબીયા:૧૦૩)*

"અને તે દિવસને યાદ રાખો કે જે દિવસે દરેક શખ્સ જે કાંઈ તેણે (દુનિયામાં) નેકી કરી છે અને જે કાંઈ બદી કરી છે તેને હાજર થયેલી જોશે, ત્યારે બદી કરનાર ઈચ્છશે કે તેની અને તે દિવસ વચ્ચે કદાચને એક લાંબી મુદ્દત હોત તો કેવું સારૂં." *(સૂરએ આલે ઈમરાન:30)*

મુફઝઝલે કહ્યું કે આના ઉપર ઈમામ સાદિક(અ.સ.)એ એટલું રૂદન કર્યું કે તેઓની દાઢી મુબારક આંસુઓથી ભીંજાઈ ગઈ.

પછી આપ(અ.સ.)એ ફરમાવ્યું ''તે આંખ ઠંડક મહેસુસ નહિ કરે કે જે તેમને (જનાબે મોહસીન(અ.સ.)ને) યાદ કરીને ન રોવે.'' આ સાંભળી મુફઝઝલે લાંબા સમય સુધી રૂદન કર્યું.

પછી મુફઝઝલે પૂછ્યું ''અય મારા મૌલા! કેટલા આંસુ? મારા મૌલા (કોઈ વ્યક્તિ એ કેટલું રડવું જોઈએ?)'' આપ(અ.સ.)એ જવાબ આપ્યો ''જે (રૂદન)ના તેઓ લાયક છે તેની ગણતરી થઈ શકતી નથી.''

મુફઝઝલે પુછ્યું ''અય મારા મૌલા! તમે આ આયતના બારામાં શું ફરમાવો છે?''

**અને જ્યારે જીવતી દાટેલી છોકરીને સવાલ કરવામાં આવશે કે તેણી ક્યા અપરાધસર મારી નખાઈ હતી.**

*(સુરએ તકવીર:૮-૯)*

આપ(અ.સ.)એ ફરમાવ્યું ''અય મુફઝઝલ! તે જીવતા દટાયેલા બાળકથી મુરાદ મોહસીન છે, અલ્લાહની કસમ! કારણકે તે અમારામાંથી છે અને તેના સિવાય બીજું કોઈ નથી. અગર કોઈ એવો દાવો કરે કે તે કોઈ બીજું છે તો પછી તેણે તેમને જુઠલાવ્યા છે.''

મુફઝઝલે પુછ્યું ''અય મારા મૌલા! પછી શું?'' ઈમામ સાદિક(અ.સ.)એ ફરમાવ્યું ''ફાતેમા(સ.અ.) રસુલુલ્લાહ(સ.અ.વ.)ના દુખ્તર ઉભા થશે અને આપ(સ.અ.) ફરમાવશે 'અય અલ્લાહ! જેમણે મારા ઉપર અત્યાચાર કર્યો, મારો હક્ક છીનવી લીધો,

મને ઈજા પહોંચાડી અને મારા બધા ફરઝંદો બાબતે મને બેચૈન કરનારાઓ અંગેના તારા વાયદા અને બાંહેધરીને પૂરી કર.''

પછી ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''ત્યારબાદ સાતેય આસમાનના ફરિશ્તાઓ, ઈલાહી અર્શના ઉપાડનારાઓ, વાતાવરણમાં વસનારાઓ, ધરતીની ઉપર અને તેની માટીની નીચે વસનારી તમામ મખ્લુક અલ્લાહ તઆલાને મુખાતબ થઈને જનાબે ફાતેમા(સ.અ.) માટે નૌહા અને ગીર્યા કરશે. ત્યારબાદ અમારા કાતિલો અને અમારી ઉપર ઝુલ્મો કરનાર અને એ લોકો જેઓ અમારા ઉપર કરવામાં આવેલ ઝુલ્મોથી રાજી હતા, તેઓમાંથી કોઈ બચશે નહિં સિવાય કે તેઓને તે દિવસે ૧૦૦૦ વખત કત્લ કરવામાં આવશે.''

*(બેહારૂલ અન્વાર, ભાગ-૫૩, પા. ૨૩-૨૪)*

અલ્લામા મજલીસી(ર.અ.) ઉપરની હદીસને સમજાવતા લખે છે કે લેખકનું માનવું છે કે ૧૦૦૦ વખત કત્લ થવું તે જહન્નમની આગ કરતા વધારે પીડાદાયક હશે. આપણે અલ્લાહ પાસે તેનાથી પનાહ ચાહીએ.

*** જનાબે મોહસીન ઈબ્ને અલી(અ.સ.)ના કાતિલોને સૌથી પહેલા સજા કરવામાં આવશે:***

જનાબે મોહસીન ઈબ્ને અલી(અ.સ.)ના કાતિલો કયામતના દિવસે તેમના માટે તૈયાર કરેલ સૌથી પીડાદાયક અઝાબને

નીહાળશે. અલ્લાહ અઝઝ વ જલ્લ બીજા ઝાલીમો અને અત્યાચારીઓથી પહેલા તેમનો હિસાબ કરશે.

રિવાયત છે કે કયામતના દિવસે સૌ પ્રથમ વ્યકિત કે જેમના ન્યાય અને ચુકાદા માટે બોલવવામાં આવશે તે જનાબે મોહસીન ઈબ્ને અલી(અ.સ.) છે. તેમના કાતિલને કુન્ફુઝની સાથે લાવવામાં આવશે અને આગના ચાબુક ફટકારવામાં આવશે કે જેનો ફકત એકજ વાર ઝમીન ઉપરના તમામ સમંદરોને સુકાવવા માટે પુરતો છે અને તેવીજ રીતે એક વાર પહાડોને કચડી નાખવા અને તેમને રાખમાં બદલી નાખવા માટે પુરતો છે. જનાબે મોહસીન ઈબ્ને અલી(અ.સ.)ના કાતિલોને આ ચાબુક વડે ફટકારવામાં આવશે.

*(બેહારૂલ અન્વાર, ભાગ-૨૮, પા. ૬૪)*

પરવરદિગારે આલમ પાસે દુઆ છે કે આપણા દિલ હંમેશા નૂરે ઈમાનથી ભરેલા રહે અને આપણે હંમેશા દરે એહલેબૈત(અ.મુ.સ.)થી જોડાયેલા રહીએ અને તેમની મોહબ્બતથી આપણા દિલ મુનવ્વર રહે.

પરવરદિગારે આલમ આપણને સિરતે એહલેબૈત(અ.મુ.સ.)ની સિરત પર ચાલવાની તૌફીક ઈનાયત ફરમાવે અને ઝહુરે કાએમે આલે મોહમ્મદમાં તાઅજ્જીલ ફરમાવે.